પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૫૩, કુલ પાના:૪, તારીખ: ૨૨-૧૦-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 53 PRICE :-RS. 1.50 DATE : 22-10-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આવનારા સમયમાં દેશમાં યૂઝર્સ 1 Gbps સુધીની સ્પીડનો આનંદ લઈ શકશે

# રિલાયન્સ-ક્વાલકૉમે 5Gનું સફળ ટેસ્ટિંગ: ટૂંક સમયમાં લૉન્ચિંગ

મુંબઈ,

રિલાયન્સ જિયોએ વધુ એક મોટી સફળતા મેળવી છે. રિલાયન્સે અમેરિકાની ટેક્નોલોજી ફર્મ ક્વાલકૉમની સાથે મળી ભારતમાં 5G નેટવર્કનું સફળતાપૂર્વક ટેસ્ટિંગ કરી લીધું છે. બંને કંપનીઓએ ૨૦ ઓક્ટોબરે અમેરિકાના સૈન ડિયાગોમાં થયેલી એક વર્ચ્યૂઅલ ઈવેન્ટમાં આ વિશે જાહેરાત કરી છે. નોંધનીય છે કે ભારતમાં ટૂંક સમયમાં ગ્રાહકોને 5G નેટવર્કની સુવિધા મળવાની છે. અહેવાલ મુજબ, જિયો અને ક્વાલકૉમે જાહેરાત કરી છે કે તેઓએ 5GNR




સોલ્યૂશન્સ અને ક્વાલકૉમ 5G RAN પ્લેટફોર્મ પર 1 Gbpsથી વધુ સ્પીડ મેળવી લીધી છે. હાલ અમેરિકા, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, સ્વિત્ઝરલેન્ડ અને જર્મની જેવા દેશોના 5G ગ્રાહકોને 1 Gbps ઈન્ટરનેટ સ્પીડની સુવિધા મળી રહી છે.

રિલાયન્સ જિયોના પ્રેસિડન્ટ મેથ્યૂ ઓમાને ક્વાલકૉમ ઈવેન્ટમાં કહ્યું કે ક્વાલકૉમ અને રિલાયન્સની સબ્સિડિયરી કંપની રેડિસિસની સાથે મળી અમે 5G ટેકનીક પર કામ કરી રહ્યા છીએ, જેથી ભારતમાં તેને વહેલી તકે લૉન્ચ કરી શકાય. આવનારા દિવસોમાં ભારતમાં યૂઝર્સ 1 Gbps સુધીની સ્પીડની મજા લઈ શકશે.

દેશમાં 5G ટેક્નોલોજી આવ્યા બાદ ગ્રાહકોને ઝડપી હાઈ સ્પીડ ડેટાનો સારો અનુભવ મળશે. ક્વાલકૉમ ટેક્નોલોજીસ દુનિયાની અગ્રણી વાયરલેસ ટેક્નોલોજી ઈનોવેટર છે, જે હાલમાં રિલાયન્સ જિયોની સાથે મળી 5G ટેકનીક પર કામ કરી રહી છે.

આ વર્ષે જુલાઈમાં ક્વાલકૉમ વેન્ચરના ઈન્વેસ્ટમેન્ટ એકમ ક્વાલકૉમ ઈક્વે જિયો પ્લેટફોર્મ્સમાં રોકાણ કરવાની જાહેરાત કરી હતી. ક્વાલકૉમે Jio Platformsમાં ૦.૧૫ ટકાની હિસ્સેદારી માટે ૭૩૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ કહ્યું હતું કે ક્વાલકૉમની સાથે મળી જિયો 5G વિઝન પર કામ કરશે અને ભારતના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં સહયોગ આપશે. જિયોએ કહ્યું કે તેઓ ક્વાલકૉમની સાથે મળી દેશી 5G સોલ્યૂશન્સ અને નેટવર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કામ કરી રહ્યા છે. કંપની સ્થાનિક 5G ટેક્નોલોજી સોલ્યૂશન્સ પર કામ કરી રહી છે જેનો ઉપયોગ રિટેલ અને ઈન્ડસ્ટ્રીયલ સેગમેન્ટમાં થશે.

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૫૪,૦૪૪ પોઝિટિવ કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના સંક્રમણના કેસોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. સોમવારે કોરોના સંક્રમણના નવા કેસનો આંકડો ૫૦ હજારની નીચે આવ્યો હતો જોકે આજે તે આંકડો ૫૪ હજારે પહોંચ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૫૪,૦૪૪ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ ના કારણે ૭૧૭ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૭૬,૫૧,૧૦૮ થઈ ગઈ છે.

આ ઉપરાંત, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૬૭ લાખ ૯૫ હજાર ૧૦૩ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૭,૪૦,૦૯૦ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૧૫,૯૧૪ લોકોનાં કોરોના વાયરસના કારણે




મોત થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૦ ઓક્ટોબર સુધીમાં ભારતમાં કુલ ૯,૭૨,૦૦,૩૭૯ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, મંગળવારના ૨૪ કલાકમાં ૧૦,૮૩,૬૦૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

તહેવારો વચ્ચે બિહાર વિધાનસભા ચૂંટણી અને કેટલાક રાજ્યમાં પેટાચૂંટણીને જોતા સ્વાસ્થ્ય મંત્રાલયે એકદમ કોરોનાના કેસમાં વધારો થવાની ચિંતા વ્યક્ત કરી છે. જેના કારણે હેલ્થ મિનિસ્ટ્રીએ પોતાના તરફથી એક ટીમ બિહાર માટે રવાના કરી દીધી છે. સ્વાસ્થ્ય સચિવના જણાવ્યા મુજબ ભારતમાં પ્રતિ મિલિયન વસ્તી પર સંક્રમણના કેસ જોઈએ તો ભારતમાં ૩૧૦ પ્રતિ મિલિયન છે. જ્યારે ફ્રાન્સમાં સૌથી વધુ ૨૪૫૭ પ્રતિ મિલિયન છે. તેમણે જણાવ્યું કે ૮૩ ડેથ પ્રતિ મિલિયન ભારતમાં છે જો કે વિશ્વના મોટા ભાગના દેશોમાં તેના કરતા વધુ છે. ૬ રાજ્યોમાં ૬૪ ટકા એક્ટિવ કેસ છે. અને ૫૦ ટકા એક્ટિવ કેસ ફક્ત ત્રણ રાજ્ય મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં છે. ભારતમાં કોરોનાના કેસો વધવાની ગતિ જોઈએ તો, ૭-ઓગસ્ટે ૨૦ લાખ, ૨૩-ઓગસ્ટે ૩૦ લાખ, ૫-સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬-સપ્ટેમ્બરે ૫૦ લાખ, ૨૮-સપ્ટેમ્બરે ૬૦ લાખ અને ૧૧-ઓક્ટોબરે ૭૦ લાખના આંકડાને પાર પહોંચી હતી.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭૧૭ નવા મરણ નોંધાયા છે. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૨૧૩, કર્ણાટકમાં ૬૬, પશ્ચિમ બંગાળમાં ૬૧, છત્તીસગઢમાં ૫૦, તમિલનાડુમાં ૫૦ અને દિલ્હીમાં ૪૧ લોકો મોતને ભેટ્યાં છે. દેશમાં અત્યાર સુધી કુલ ૧,૧૫,૯૧૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જેમાં મહારાષ્ટ્રમાં ૪૨,૪૫૩, તમિલનાડુમાં ૧૦,૭૪૧, કર્ણાટકમાં ૧૦,૬૦૮, ઉત્તર પ્રદેશમાં ૬,૭૧૪, આંધ્ર પ્રદેશમાં ૬,૪૮૧, પશ્ચિમ બંગાળમાં ૬,૧૮૦, દિલ્હીમાં ૬૦૮૧, પંજાબમાં ૪૦૩૭ અને ગુજરાતમાં ૩૬૫૧ લોકોના મોત થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, ૭૦ ટકાથી વધુ મરણ દર્દીઓમાં અન્ય બીમારી હોવાના કારણે થયા છે.

પંચમહાલ સમાચાર

દ્વારા આયોજીત

ગરબા મહોત્સવ

કોરોના કાળમાં ઘરે બેઠા કરો

PMS NEWS સાથે ગરબાની ઉજવણી.

- ગરબાના વિવિધ સ્ટેપ સાથેનો ૨ મિનિટનો વિડીયો મોકલી જીતો વિવિધ ઈનામો.
- ગરબાનો વિડીયો તા.૧૭/૧૦/૨૦૨૦ થી ૨૫/૧૦/૨૦૨૦ માં મોકલવાનો રહેશે.
- મોકલેલ વિડીયોમાં સૌથી વધુ દર્શકો ધરાવનાર વિડીયોને મળશે પ્રથમ ઈનામ.
- ઘરે બેઠા ગરબા રસીકોને ઈનામો જીતવાની સોનેરી તક.
- PMS NEWS દ્વારા ઈનામો આપવામાં આવશે.

૧. પ્રથમ ઈનામ - ૫૦૦૧/-
૨. દ્વિતિય ઈનામ - ૩૦૦૧/-
૩. તૃતિય ઈનામ - ૨૦૦૧/-

વિજેતાના નામ તા.૩૧/૧૦/૨૦૨૦ શરદપૂનમ ના દિવસે રાત્રે ૮:૦૦ કલાકે જાહેર થશે.

આપનો વિડીયો આ Whatss app નંબર ઉપર મોકલો ૯૦૫૪૪૨૫૧૦૦.

નોંધ : વિડીયો મોકલનારનું નામ, શહેર અને જીલ્લો લખીને મોકલાવો.

## રાજકોટમાં ૨૪ કલાકમાં કોરોનાથી ૮ના મોત, પોઝિટિવ કેસની સંખ્યા ૭૯૨૦ થઈ

રાજકોટ,

રાજકોટમાં ૨૪ કલાકમાં ૮ લોકોના કોરોનાથી મોત થયા છે. જ્યારે શહેરમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૭૯૦૦ને પાર પહોંચી ગઈ છે. અત્યાર સુધીમાં ૭ હજારથી વધુ લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે. જ્યારે રાજકોટની અલગ અલગ હોસ્પિટલમાં ૭૧૧ દર્દી સારવાર હેઠળ છે. મંગળવારે રાજકોટમાં ૯૦ દર્દી કોરોના મુક્ત થતાં ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે.

રાજકોટ સહિત જિલ્લાભરમાં પોઝિટિવ કેસની સંખ્યા ૧૧૫૦૦ને પાર પહોંચી ગઈ છે. જિલ્લાભરમાં કુલ ૧૦૫૦ સારવાર હેઠળ છે. જેમાંથી ૭૧૧ શહેરના અને ૨૭૯ ગ્રામ્ય વિસ્તારના દર્દી છે. રાહતની વાત એ છે કે, નવા કેસની સંખ્યા કરતા ડિસ્ચાર્જની સંખ્યા વધી રહી છે.

## મોદી સરકાર કેન્દ્રના ૩૦ લાખ કર્મચારીઓને દિવાળી બોનસ આપશે

ન્યુ દિલ્હી,

વડાપ્રધાનની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટે ૩૦ લાખ સરકારી કર્મચારીઓને દિવાળી બોનસ આપવાની જાહેરાત કરી છે. સરકારની આ જાહેરાતથી કેન્દ્રના ૩૦ લાખ કર્મચારીઓ દિવાળી બોનસ મળશે.



કેબિનેટના નિર્ણયની જાણકારી આપતા કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું છે કે, ડીબીટી એટલે કે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી સીધા કર્મચારીઓના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવશે. તેણે જણાવ્યું કે, તુરંત પૈસા ટ્રાન્સફર કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય મંત્રીમંડળે ૨૦૧૯-૨૦૨૦ માટે ઉત્પાદકતા સાથે જોડાયેલા બોનસ અને બિન ઉત્પાદકતા સાથે જોડાયેલા બોનસને મંજુરી આપી દીધી. આ જાહેરાતથી ૩૦ લાખથી વધારે કેન્દ્રીય કર્મચારીઓને લાભ થશે અને તેનાથી કુલ ૩૭૩૭ કરોડનો ખર્ચો થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે રેલવે, પોસ્ટ, ડિફેન્સ, ઈપીએફઓ, ઈએસઆઈસી જેવા વિભાગોના નોન ગેઝેટેડ કર્મચારીઓને વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે બોનસ ચુકવવા માટે પોતાની મંજુરી આપી દીધી છે. ઉલ્લેખનિય છે કે, બીન-પીએલબી અથવા તદર્થ બોનસ નોન ગેઝેટેડ કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવે છે. સરકારની આ જાહેરાતથી ૧૩.૭૦ લાખ કેન્દ્રીય કર્મચારીઓને લાભ થશે અને સરકાર પર ૯૪૬ કરોડનો આર્થિક બોજો પડશે. બોનસથી કુલ ૩૦.૬૭ લાખ કર્મચારીઓને લાભ થશે અને કુલ નાણાંકિય ખર્ચ ૩૭૩૭ કરોડ રૂપિયા થશે. ઉલ્લેખનિય છે કે, આ પહેલા ગત સપ્તાહેમાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે સરકાર કર્મચારીઓ માટે સ્પેશિયલ ફેસ્ટીવલ એડવાન્સ સ્કીમની શરૂઆત કરવાની જાહેરાત કરી હતી. જેના માધ્યમથી કર્મચારી એડવાન્સમાં ૧૦ હજાર રૂપિયા લઈ શકશે.

તમને જણાવી દઈએ કે કોવિડ ૧૯ની અર્થવ્યવસ્થા ઉપર અસરને જોતા નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્પેશયલ એલટીસી સ્કીમની પણ જાહેરાત કરી છે. તેનો ફાયદો કેન્દ્ર સરકારના કર્મચારીઓને મળશે. આ સ્કીમમાં એલટીએના બદલે કર્મચારીઓને કેશ વાઉચર મળશે. જો કે, તેનો ઉપયોગ ૩૧ માર્ચ ૨૦૨૧ પહેલા કરવાનો રહેશે. જો કે, આ સુવિધાનો લાભ લેવા માટે સરકારે કેટલીક ગાઈડલાન્સ આપી છે જેનું પાલન કરવાનું રહેશે.

## ભારતમાં હવા પ્રદૂષણથી ૧.૧૬ લાખથી વધુ નવજાત શિશૂઓના મોત થયા: રિપોર્ટ



ન્યુ દિલ્હી,

ભારતમાં હવા પ્રદૂષણના ગંભીર અને ખતરનાક પરિણામોનો ખુલાસો કરતા એક રિપોર્ટ સામે આવ્યો છે. જે મુજબ દેશમાં હવા પ્રદૂષણને લીધે એક વર્ષમાં લગભગ ૧,૧૬,૦૦૦ થી વધારે નવજાત શિશૂઓના મો નીપજ્યા છે.

આ ખુલાસો સ્ટેટ ઓફ ગ્લોબલ એર ૨૦૨૦ નામની એક વૈશ્વિક રિપોર્ટમાં કરવામાં આવ્યો હતો. જેને હેલ્થ ઈફેક્ટ્સ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે મૃત્યુ પામેલા અડધાથી વધારે શિશૂઓના મોત બહારના PM ૨.૫ પ્રદૂષક તત્વો સાથે જોડાયેલ છે. જેમાં રાંધણ માટે વપરાતુ ઈંધણ, લાકડા કે કોલસા, છાણ જેવા ઈંધણ સામેલ છે. તેમનાથી ઉત્પન્ન થયુ હવા પ્રદૂષણ નવજાત શિશૂઓ માટે જીવલેણ સાબિત થઈ રહ્યુ છે. આવા શિશૂઓમાં મોટાભાગના કમજોર અને પ્રિમેચ્યોર ડિલિવરીથી જન્મેલા બાળકોને સમાવેશ થાય છે. ભારતમાં લાંબા સમયથી હવા પ્રદૂષણને લીધે વર્ષ ૨૦૧૯માં સ્ટ્રોક, હાર્ટ એટેક, ડાયાબિટિશ, ફેફસાંનું કેન્સર અને અન્ય બીમારીઓ, નવજાત રોગોથી ૧૬.૭ લાખ એટલે કે ૧.૬૭ મિલિયન લોકોના મોત થયા.

એક પરિબળ એ પણ છે કે, રિપોર્ટ કોરોના કાળમાં સામે આવી છે. જ્યાં કોરોના સંક્રમણથી હદય અને ફેફસાંને ભારે નુકસાન થવાથી મૃત્યુઆંકમાં વધારો થયો છે. આ રિપોર્ટ પછી હવા પ્રદૂષણથી થતી બીમારીઓ અને કોરોના સંક્રમણ વચ્ચેનો સંબંધ ખુલ્લો પડ્યો છે.

## લદ્દાખ બોર્ડર પાસેથી પકડેલા ચીની જવાનને ભારતે પરત મોકલ્યો

ન્યુ દિલ્હી,

ભારતીય સેનાના પૂર્વી લદ્દાખમાંથી પકડાયેલા પીએલએ સૈનિકને ભારતે ચીનને હવાલે કર્યો છે. સેનાએ ચુશુલ-મોલ્ડોમાં ચીની સૈનિક કૉર્પોરલ વાન્ગ યા લાંન્ગને ચીનીને પરત સોંપી દીધો છે. લદ્દાખમાંથી ઝડપાયો હતો ચીની સૈનિકચીનની પીપુલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ના એક સૈનિકને પૂર્વી લદ્દાખના ડેમચોક સેક્ટરમાંથી પકડવામાં આવ્યો હતો. ચીની સૈનિક ભૂલથી ભારતની સરહદમાં ઘુસી આવ્યો હતો. આપને જણાવી દઈએ કે, ચીને દાવો કર્યો હતો કે તેનો આ સૈનિક ભૂલથી ભારતીય સીમામાં ઘુસી આવ્યો હતો. તેમને જલ્દી છોડવામાં આવે. આ પહેલા ભારતીય સૈનાએ માનવતાની મિસાઈલ રજુ કરતા ૧૩ યાક અને વાછરડાઓને ચીનને પરત કર્યા હતા. આ બધા પશુઓ રસ્તો ભટકી ગયા હતા અને ૩૧ ઓગસ્ટના ભારતીય સરહદમાં આવ્યા હતા. પશુઓ અરુણાચલ પ્રદેશના પૂર્વી કામેંગના વિસ્તારમાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે, ભારતીય સૈનાએ સિક્કિમ પઠાર પર રસ્તો ભુલનાર ત્રણ ચીની નાગરિકોને ભારતીય સૈનાએ બચાવ્યા હતા. આટલું જ નહિ સૈનાએ ચીની નાગરિકોની સારવાર, ઑક્સિજન, ભોજન અને ગરમ કપડા પણ આપવામાં આવ્યા હતા. આ સિવાય તેમને સાચો રસ્તા સુધી પહોંચાડવામાં પણ મદદ કરી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કાનસીયા કુવરસિંહ એમ.

મુ. દેવી રામપુરા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નાયક રમણભાઈ ગુરૂજીભાઈ

મુ. આમલી પાણીછોતરા, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી બારીઆ તા.ખ.વે. સંઘ લી. શાખા-૧

ચંદુભાઈ

ઘોઘંબા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી બારીઆ તા.ખ.વે. સંઘ લી. શાખા-૨

ટીનાભાઈ

ઘોઘંબા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૬ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૨૪૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ અને વિરપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૧-૧૦-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૨૪૦ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી અને ૦૪ પુરૂષ જયારે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૧૩૧ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૬૫૩૧૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૪ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૪૦ દર્દી હોમ આઈસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૫ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૬૨ દર્દીઓ સ્ટેબલ, ૦૪ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

### પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વરધરી અને RBSKની આરોગ્ય ટીમ દ્વારા

## રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા અને આર્સેનિક આલ્બમની ગોળીઓનું વિતરણ કરાયું



લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વરધરીની આરોગ્યની ટીમની મદદથી આરબીએસકેની ટીમ અને ધન્વંતરી આરોગ્ય રથના માધ્યમથી સાધકપુરા ગામમાં ૨૧ નાગરિકોના રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે તમામ નેગેટી આવ્યા હતા. આ ઉપરાંત આરોગ્યની ટીમ દ્વારા નાગરિકોની રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે હોમિયોપેથીક આર્સેનિક આલ્બમની ગોળીનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ પાંચ બ્લડ સેમ્પલની સ્લાઈડ અને ત્રણ સ્પુટમ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આમ, જિલ્લાના આરોગ્ય તંત્રના તમામ આરોગ્ય કર્મીઓ જિલ્લામાં કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે અવિરતપણે તેઓની ફરજો અદા કરવાની સાથે તમામને હું માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળું, દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવીશ, વારંવાર સાબુથી હાથ ધોઈશ કે સેનેટાઈઝરનો ઉપયોગ કરતો રહીશ, મારી તથા મારા સ્વજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવીશ અને યોગ-વ્યાયામ ઈત્યાદિથી જીવનશૈલી સુધારીશ તથા મારા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા સમજ આપવામાં આવી રહી છે.

## ખાનપુર તાલુકાના પાંડરવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેતા જિલ્લા કલેકટર



લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા આ કપરા સમયમાં આરોગ્ય કર્મીઓ દ્વારા શ્રેષ્ઠ આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

આમ છતાં પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડી શકાય તે માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના આધુનિકરણ તથા કઈ-કઈ સાધનસામગ્રીની જરૂરિયાત છે. તેનો ખ્યાલ આવી શકે તે માટે જિલ્લા કલેકટર આર. બી. બારડે ખાનપુર તાલુકાના પાંડરવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી.

જિલ્લા કલેકટર આર. બી. બારડે તેમની આ મુલાકાત દરમિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નિરીક્ષણ કરી કેન્દ્રના તબીબ સાથે કેન્દ્રના આધુનિકરણ તથા જરૂરી સાધન-સામગ્રી બાબતે ચર્ચા કરી હતી.

કલેકટરએ મુલાકાત દરમિયાન સંબંધિતો સાથે ચર્ચા કર્યા બાદ ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સીએચએસસીના આધુનિકરણ અને ખૂટતી સાધન-સામગ્રીની જરૂરિયાતનું આયોજન કરી કેન્દ્રવાર આયોજન કરી ત્વરિત મોકલી આપવા સુચવ્યું હતું. કલેકટરની આ મુલાકાત દરમિયાન ખાનપુર તાલુકાના લાયઝન અધિકારી અને મામલતદાર સાથે રહ્યા હતા.

## લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે વાહક જન્ય રોગ અંગેની સમીક્ષા કરતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોના વાયરસની મહામારી સામે દેશ સહિત રાજ્ય લડત આપી રહ્યું છે. ત્યારે કોરોનાવાયરસને નિયંત્રણમાં રાખવા માટે જિલ્લા કલેકટર આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ વહીવટી અને આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. કોરોના સામેની લડતમાં જિલ્લા તંત્ર સતર્ક રહીને કોરોનાની મહામારીને પહોંચી વળવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ છે. જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડોક્ટર એસ. બી. શાહે લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે સેન્ટરના તબીબો અને કર્મચારીઓ સાથે વાહક જન્ય રોગો અંગેની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં ડો. એસ. બી. શાહ દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ સહિતના તમામ વાહકજન્ય રોગો અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. સમીક્ષા કર્યા બાદ આ રોગોને નિયંત્રણમાં રાખવા માટેના જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# શનિયાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પંચમ વાર્ષિક પાટોત્સવ ઉજવાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, શનિયાડા - ઘોઘંબા, પંચમહાલના પંચમ વાર્ષિક પાટોત્સવની ઉજવણી.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, શનિયાડા - ઘોઘંબા, પંચમહાલના પંચમ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજે વૃક્ષારોપણ કર્યું હતું. જેમાં સોશ્યલ ડિસ્ટન્સનું પાલન રાખી અને સંતો હરિભક્તો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# મહીસાગર જિલ્લાના ચોપડા ગામના શિક્ષિત અને પ્રગતિશીલ ખેડૂત કીર્તિભાઈ પટેલની છુટા ફૂલોની ખેતી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, વૈશ્વિક મહામારી કોરોનાના સંકટકાળમાં લગ્નસરાની મૌસમ,તહેવારોની ઉજવણી તેમજ દેવદર્શન મર્યાદિતથવાના કારણે ફૂલ ઉદ્યોગને પણ વ્યાપક અસર પડી હતી પરંતુ અનલોકમાં નવરાત્રિ પર્વમાં શક્તિ વંદનામાં મળેલ છૂટછાટોને પગલે આરતી વંદના સહિતના કાર્યક્રમો કોવિડ ગાઈડલાઈન અનુસરીને શરૂ થયા છે. જેના પગલે તહેવારોના ટાણે ફૂલોની માંગમાં ઉછાળો જોવા મળતાં ભાવોમાં તેજી જોવા મળી રહી છે ત્યારે પિયતની સુવિધા ધરાવતા ખેડૂતો માટે ફૂલોની ખેતીએ આવક રળી આપતો એક લઘુ ઉદ્યોગ ખેડૂતો માટે સાબિત થઇ રહ્યો છે. ત્યારે આવી જ પ્રેરણાદાયી બાગાયતી છુટા ફૂલોની ખેતી મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ચોપડા ગામના શિક્ષિત અને પ્રગતિશીલ ખેડૂત કીર્તિભાઈ પટેલ કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી બન્યા છે.

કીર્તિભાઈ પટેલ અગાઉ ડાંગર,મકાઈ અને ઘઉં જેવા ખેતી પાકોનીખેતી કરતા હતા. પરંતુ તેમાં મજુરી ખર્ચ વધુ અને ઉપજ ઓછી હોવાના કારણે આર્થિક રીતે ખેતી પરવડતી નહોતી.શિક્ષિત અને જાગૃત ખેડૂત સરકારના કૃષિ રથ અને કૃષિમહોત્સવ જેવા ખેડૂતો માટે પ્રેરક કાર્યક્રમોના માધ્યમથી ખેતીવાડી વિભાગ અને બાગાયત વિભાગના સંપર્કમાં આવી બાગાયતી ખેતી પાકો તરફ પ્રેરાયા. આ ખેતીમાંમજુરી ખર્ચ ઓછો તથા ઉત્પાદન અને આવક વધુ મળી શકે. તેથી કીર્તિભાઈએ મહીસાગર જીલ્લાની બાગાયત કચેરીનો સંપર્ક કરીને છુટાફૂલ પાકોની ખેતી વિશે માર્ગદર્શન તથા સલાહ મેળવી. વધુમાં છુટા ફૂલોમાં બાગાયત ખાતાની સહાય અને માર્ગદર્શન પણ મળે છે. તે બધા પાસાઓને ધ્યાને લઈ બાગાયતી ખેતી કરવાનો નિર્ધાર કર્યો. બાગાયતી ખેતી ખાસ કરીને ફૂલોની ખેતીમાં સારૂ મળતર રહેતું હોઈ તેના માટે ખેડૂત આઇ પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરી છુટા ફુલોની ખેતી યોજના માટે અરજી કરી તેઓએ ૫૦ ગુંઠામાં ગલગોટાની ખેતી કરવાની શરૂઆત કરી. તહેવારોમાં ફૂલોનું વેચાણ પણ સારું હોય છે. આ સમયમાં ગલગોટાની માંગ બજારમાં સારી હોવાથી રોકડા નાણાં મળે છે. ૫૦ ગુંઠાના વિસ્તારમાંથી રૂ. ૬૦,૦૦૦/- ની આવક મળશે તેમ જણાવી તેમાંથી ખેતી ખર્ચ રૂ.૧૫૦૦૦/- બાદ કરતા અંદાજે ચોખ્ખો નફો રૂ. ૪૫,૦૦૦/- જેટલો માત્ર ચાર મહિનાના ટૂંકા ગાળામાં થશે તેવું જણાવ્યું હતુ. તેમની બાગાયતી ખેતીના સફળ અનુભવ પછી તેમના ગામના અન્ય ખેડૂતો પણ બાગાયતી છુટા ફૂલોની ખેતી તરફ પ્રેરાયા છે.

મહીસાગર જિલ્લા નાયબ બાગાયત નિયામકનીકચેરીના જણાવ્યા અનુસાર જીલ્લામાં ફૂલ પાકોનું વાવેતર ૨૧૫ હેક્ટર થી ૨૨૫ હેક્ટર સુધી થાય છે. જેમાં ગુલાબ,ગલગોટા,સેવંતી,ગેલાડીયા વગેરે ફૂલપાકોનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા જુદા જુદા ઘટકો જેવા કે દાંડી ફૂલો,કંદ ફૂલો,છુટાફૂલોમાં ૨૫% થી માંડીને ૪૦% સુધીની સહાય આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા હેક્ટર વાવેતર માટે મુખ્ય સહાય પેટે ૪૦% સહાય તથા રાજ્ય સરકાર દ્વારા પુરક સહાય પેટે ૧૫% સહાય આપવામાં આવે છે.અન્ય ખેડૂતો માટે કીર્તિભાઈની છુટા ફૂલોની બાગાયતી ખેતી પ્રેરણા રૂપ બની છે.

## બાકોર પોલીસ સ્ટેશનની મુલાકાત લેતાં જિલ્લા કલેકટર



લુણાવાડા, કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે. આની સાથે સાથે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મીઓ તેઓની ફરજો અદા કરી રહ્યા છે.

જિલ્લા કલેકટર આર. બી. બારડે બાકોર પોલીસ સ્ટેશનની મુલાકાત લઈને પોલીસ સ્ટેશનની તપાસણી કરી હતી. તેમજ રાજય ગૃહ વિભાગની સૂચનાઓ અંતર્ગત વિવિધ મુદ્દાઓની ચકાસણી કરી બાકોર પોલીસ સ્ટેશનના કર્મયોગીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

તપાસની ટીમમા કલેકટર કચેરી મેજિસ્ટ્રિયલ શાખા (ફોજદારી શાખા)ના શાખાના નાયબ મામલતદાર કૃણાલ પટેલ, કલાર્ક નયન પટેલ હતા.

## મહીસાગર જિલ્લામાં જલ જીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના અંતર્ગત બેઠક યોજાઇ



લુણાવાડા, મહીસાગર જિલ્લા સેવા સદન કોન્ફરન્સ હોલ ખાતે અધિક નિવાસી કલેક્ટર આર.આર.ઠક્કરના અધ્યક્ષ સ્થાને મહીસાગર જીલ્લા જળ અને સ્વચ્છતા એકમના અધિકારીઓની ઉપસ્થિતિમાં મહીસાગર જિલ્લાની પીવાના પાણી અંગેની નલ સે જલ યોજના અંતર્ગત બેઠક યોજાઇ.

અધિક નિવાસી કલેક્ટર એ યોજના અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, જળ શક્તિ મંત્રાલય અંતર્ગત નલ સે જલ યોજના શરૂ કરી છે. એટલું જ નહિ આ યોજનામાં જળ સ્ત્રોત બચાવવાના પ્રયત્નો પણ કરવામાં આવશે. વધુમાં તેમણે જિલ્લામાં પાણીપુરવઠા અને વાસ્મોના અધિકારીઓને સંકલન સાધી દરેક ગામની મુલાકાત લઇ સર્વે કરી એક પણ ઘર નલ સે જલ યોજનાથી વંચિત ન રહે તે માટે જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી હતી. દરેક ઘર સુધી પીવાનુ શુધ્ધ પાણી પહોંચે તે માટે નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં દરેક ઘરમાં પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવાનું લક્ષ્યાંક રાખ્યુ છે. આ બેઠકમાં નલ સે જલ યોજના અંતર્ગત માહિતી આપતાં યુનીટ મેનેજર એ.જી. રાજપુરા (વાસ્મો)એ જણાવ્યું કે, રૂા. ૧૪૮૨.૬૩ લાખની આ યોજના હેઠળ વહીવટી મંજૂરી આપવામાં આવી છે.જેમા ૮૬ જેટલી યોજનાઓને મંજૂર કરવામાં આવી છે. સાથે ૧૩૫૬૫ જેટલા ઘરોને મંજૂરી આપવામાં આવી છે. સાથે આ યોજના હેઠળ થયેલ કામગીરીની જાણકારી આપી મહીસાગર જિલ્લામાં તમામ ગામોને આ યોજના હેઠળ આવરી લઇ કામગીરી પૂર્ણ કરવાની ખાત્રી આપી હતી. આ બેઠકમાં મનેજર નિકુંજભાઇ, જિલ્લા કોડીનેટર સુન્નીભાઇ સહિત સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૨૨-૧૦-૨૦૨૦, ગુરૂવાર, આસો સુદ-૬, સૂર્યોદય-૬-૪૭, સૂર્યાસ્ત-૬-૧૬, જૈન નવકારશી-૭-૩૪, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્ર: પૂર્વાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૬૧૨-૦૮થી અભિજીત-૧૨-૫૪ સુધી, ૬-૪૭થી શુભ-૮-૧૩ સુધી, ૧૧-૦૫ થી ચલ-લાભ-અમૃત-૧૫-૨૩ સુધી, ૧૬-૪૯થી શુભ-અમૃત-ચલ-૨૧-૨૩ સુધી

- શુભ હોરા-
૬-૪૭થી ૭-૨૫ સુધી, ૯-૩૯થી ૧૨-૩૧ સુધી, ૧૩-૨૮થી ૧૪-૨૬ સુધી, ૧૬-૨૦થી ૧૯-૧૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૨.૧૦.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- જાહેર ક્ષેત્રે સફળતા મેળવવાના પ્રયત્નો ફળવાના નોકરીમાં પ્રમોશન બદલીના ચન્સ રહે. ઉશ્કેરાટથી દૂર રહેજો.

વૃષભ(બ.વ.ઉ.) :- ભાઈ-બહેનો સાથે ધાર્મિક યાત્રા પ્રવાસનું આયોજન થાય નોકરીમાં અધિકારીઓ સાથે મહત્વની ચર્ચા થાય.

મિથુન(ક.છ.ઘ.) :- અનુભવોનો લાભ સંસ્થાને મલે. લગ્ન જીવનમાં ગેર સમજો હશે તો તે દૂર થાય સતત વ્યસ્ત રહેશો.

કર્ક(ડ.હ.) :- રાજકીય વ્યકિતનો સહકાર મલવાનો મહત્વના કાર્યોમાં અંગત ધ્યાન દેજો પરિવારના સભ્યો સાથે પ્રવાસ થાય.

સિંહ(મ.ટ.) :- નજીકની વ્યકિત સાથે ગેરસમજો ટાળજો ધંધામાં નવું આયોજન કરવાની ઈચ્છા ફળે લાલચથી દૂર રહેજો.

કન્યા(પ.ઠ.ણ.) :- તમારી કામગીરી અદ્ભૂત છે જેનો લાભ તમારી સંસ્થાને મલે વિજાતીય વ્યકિતનો સાથ મલવાનો.

તુલા(ર.ત.) :- પ્રિયપાત્રની મુલાકાત સફળ થવાની છે. મહત્વના કાર્યમાં સફળતા મલવાની સાહિત્ય ક્ષેત્રે સફળતા મલવાની.

વૃશ્ચિક(ન.ય.) :- દિવસ દરમ્યાન નવા સંકલ્પોની ઈચ્છા ફળવાની કોમ્પ્યુટર લાઈનમાં સફળતા માટે વાંચન પ્રવૃતિને વધારવાની છે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- આળસ વૃત્તિ તમારી પ્રગતિને અવરોધશે જેથી તમારે આળસ વૃત્તિ ટાળવાની છે. રાજકારણમાં કોઈનો સાથે મલવાનો.

મકર(ખ.જ.) :- અંગત ઉપયોગ માટે નાણાનો વ્યર્થ ઉપયોગ ન થાય તેનું ધ્યાન રાખજો ગેબી શકિતની મદદ મલવાની છે વિદેશ જવાની ઈચ્છા ફળે.

કુંભ(ગ.શ.સ.) :- પ્રણય બાબત કોઈ ગેર સમજો ન થાય તેનું ધ્યાન રાખવું તમો થોડા વધુ રોમાન્ટીક બનવાના છો. વ્યવસાયમાં લાભ રહે.

મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય મિત્ર વર્તુળમાં વધારો થવાનો સફળતા માટે શોર્ટકટ અપનાવવાથી દૂર રહેજો.

# દાહોદ જિલ્લાના દોઢ લાખ બાળકોને પ્રતિ સપ્તાહ અપાતી પોષણયુક્ત સુખડી

દાહોદ,
કોરના વાયરસના કપરાકાળમાં બંધ થયેલી આંગણવાડીના બાળકોને પોષણયુક્ત આહાર મળી રહે તેવી વ્યવસ્થા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની નેતૃત્વની ગુજરાત સરકારે કરી છે. દાહોદ જિલ્લાની પ્રત્યેક આંગણવાડીના બાળકોને પ્રતિ અઠવાડિયે પોષણયુક્ત સુખડીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે અને તેમાં દોઢ લાખ જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગુજરાત સરકારના કુપોષણ મુક્ત ભારત અભિયાન અંતર્ગત હાલ ચાલી રહેલ કોરાના મહામારી અંતર્ગત ગુજરાત રાજયના તમામ બાળકો પોષણથી વંચિત ન રહે તે હેતુથી ગુજરાત રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં ૩ થી ૬ વર્ષના બાળકોને ગરમ નાસ્તાની અવેજીમાં પ્રતિ દિન રૂ.૫.૧૦ ની મર્યાદામાં બાળક દીઠ સુખડી બનાવી ઘરે વિતરણ કરવામાં આવે છે.

જે અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષમાં જિલ્લા કક્ષાએથી ૧૩ કરોડ જેટલી રકમ ઘટક કક્ષાએ ફાળવવામાં આવે છે. જેમાં દાહોદ જિલ્લાના અંદાજીત ૧,૪૯,૪૦૭ બાળકોને કોરાનાની મહામારીમાં આંગણવાડી કેન્દ્રોમાં સરકાર દ્વારાફાળવવામાં આવતા ઘઉંના જથ્થામાંથી તેમજ રૂા.૫.૧૦ માંથી ગોળ, ચણાનો લોટ તથા સીંગદાણા ખરીદી કરવા આંગણવાડી કેન્દ્રોના સંસ્થાકીય ખાતામાં એડવાન્સ રકમની ફાળવણી કરવામાં આવે છે.

આ ગ્રાન્ટમાંથી આંગણવાડી કાર્યકર, તેડાગરે સુખડી બનાવી બાળકોને ઘરે ઘરે વિતરણ કરવાની હોય છે. આ સુખડી પોષણયુક્ત હોઈ કોરાના મહામારીમાં બાળકો જરૂરી પોષણ મળી રહે તેનું ખાસ ધ્યાન રાખવા ગુજરાત સરકારે હાલ જયાં સુધી બાળકોને આંગણવાડી કેન્દ્રોમાં બોલાવવાના ન થાય ત્યાં સુધી ગરમ નાસ્તાની અવેજીમાં સુખડી વિતરણ કરવા જણાવ્યું છે. આ ફાળવેલ ગ્રાન્ટ વર્ષના અતે સરભર કરવાની રહે છે.

આઈસીડીએસ શાખા ના જિલ્લા પ્રોગ્રામ ઓફિસર તથા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જે તે ગ્રામજનોને આહ્વાન કર્યું છે કે આપના આજુબાજુના વિસ્તારમાં કોઈપણ બાળક આ કોરાના મહામારીમાં આઈસીડીએસની સેવાઓથી તેમજ પોષણથી વંચિત ન રહે તે માટે સંબંધિત ગ્રામજનોએ જાગૃત રહી આપની ગામની આંગણવાડી કેન્દ્રોની તકેદારી રાખી એક ઝુંબેશ રૂપે ગુજરાત પોષણ અભિયાનનો એક ભાગ બનો અને ગુજરાત કુપોષણ મુકત બને તે માટે સહભાગી થવા નમ્ર અપીલ છે. દાહોદ જીલ્લામાં જો કોઈપણ આંગણવાડી કેન્દ્રો પર સુખડીનું વિતરણ ના થતું હોય કે આ.સી.ડી.એસની સેવાઓનો લાભ મળવામાં વિલંબ થતો હોય તો દરેક સંબધિત ગ્રામજનોએ જિલ્લા કક્ષાએ ૦૨૬૭૩-૨૩૯૧૭૯ પર ફોન કરી ફરિયાદ નોંધાવી શકો છો.

# દાહોદ જીલ્લામાં અલગ-અલગ અકસ્માતના બનાવોમાં ત્રણ વ્યકિતના મોત

દાહોદ,
દાહોદ જિલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના ત્રણ જુદા જુદા બનાવોમાં ત્રણ વ્યકિતઓના અકાળે મોત નીપજ્યાનું જ્યારે એક બનાવમાં એક વ્યકિતને શરીરે ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના જેસાવાડા રોડ ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગરબાડા તાલુકાના નાંદવા ગામે ગુંદરા ફળિયામાં રહેતા હસમુખ જીધરાભાઈ રાઠોડ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ગત તા.૨૦મી ઓક્ટોબરના રોજ જેસાવાડા રોડ ગડોઈ ઘાટી પરથી પસાર થઈ રહ્યા હતા. આ સમયગાળા દરમ્યાન સામેથી આવતી બીજી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી હસમુખભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં હસમુખભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાયા હતા અને જેને પગલે તેઓને શરીરે તેમજ માથાનાં ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓનું મોત નીપજ્યું હતુ જ્યારે અકસ્માત સર્જનાર મોટરસાઈકલ ચાલકને પણ શરીરે ઈજાઓ પહોંચતા તેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ સંબંધે નાંદવા ગામે ગુંદરા ફળિયામાં રહેતા સંજીવકુમાર હિરાભાઈ રાઠોડે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના દુધિયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૦મી ઓક્ટોબરના રોજ છોટાઉદેપુર જિલ્લાના કુભાણી ગામે હોળી ફળિયામાં રહેતા કરણભાઈ ભોદીયાભાઈ રાઠવા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ દુધિયા ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ સમયગાળા દરમ્યાન એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી કરણભાઈની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં કરણભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાતા તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓનું મોત નીપજ્યું હતું. આ સંદર્ભે છોટાઉદેપુર જિલ્લાના કુભાણી ગામે હોળી ફળિયામાં રહેતા કનસીંગભાઈ ભોદીયાભાઈ રાઠવાએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ લીમખેડા તાલુકા આંબા ગામે બનવા પામ્યો હતો. જેમાં લીમખેડા તાલુકાના રઈ ગામે રાવત ફળિયામાં રહેતા રમેશભાઈ ગોપસીંગભાઈ રાવત ગત તા.૧૭મી ઓકટોબરના રોજ પોતાના કબજાની મોટરસાઈકલ લઈ આંબા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન મોટરસાઈકલ પરનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા રમેશભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર ફંગોળાતા તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન રમેશભાઈ રાવતનું મોત નીપજતાં આ સંદર્ભે રઈ ગામે રાવત ફળિયામાં રહેતા પીન્ટુભાઈ રમેશભાઈ રાવતે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરીછે.

## દાહોદના ગરબાડા રોડ ઉપર બોલેરો ચાલકે બાઈકને અડફેટ લઈ બાઈક ચાલકનું મોત નિપજ્યું

દાહોદ,
દાહોદ શહેરના ગરબાડા તરફ જવાના માર્ગ ઉપર એક બોલેરો ગાડીના ચાલકે એક બાઈક સવારને અડફેટમાં લેતા જોતજોતામાં બાઈક સવાર ચાલક દૂર સુધી બાઈક સાથે ફંગોળાયો હતો અને તેને પગલે ઘટનાસ્થળ પર જ બાઈક ચાલકનું કમકમાટીભર્યુ મોત નિપજતા ઘટનાસ્થળે લોકટોળા ઉમટી પડ્યા હતા ઘટનાને અંજામ આપી બોલેરો ગાડી સ્થળ પરથી નાસી ગયેલો પણ જાણવા મળે છે.

દાહોદ અને ગરબાડા જવાના માર્ગ ઉપર ગરબાડા તરફ જતો અજાણ્યો બાઈક ચાલક અને દાહોદ તરફ આવતી બોલેરો પીકઅપ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયકંર હતોકે બોલેરો પીકઅપ એ બાઈક ચાલકને રોડ ઉપર કચડી નાખી ને રોડ ઉપર પલટો ખાઈ ગઈ હતી અને રોડ ઉપર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. ત્યારે અજાણ્યા બાઈક ચાલકનું ઘટના સ્થળે માથાના ભાગમાં ઈજાઓ પહોંચતાઅજાણ્યા બાઈક ચાલકનું મોત નીપજ્યું હતું આ અકસ્માત થતાજ લોકોના ટોળે ટોળા જોવા મળ્યા હતા અને બોલેરો પીકઅપ ચાલકને પણ ઈજાઓ પહોંચતા બોલેરો ચાલક અકસ્માત કરી ફરાર થયો હતો અને આ ઘટનાની જાણ ૧૦૮ ને કરાતા ૧૦૮ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી.તાલુકા પોલીસને જાણ કરાતા તાલુકા પોલીસ પણ ઘટના સ્થળે આવી રોડ ઉપર પડેલી બોલરોને હટાવી ટ્રાફિક ખુલ્લો કરી બોલરોને સાઈટ ઉપર ખસેડી મરનાર અજાણ્યા બાઈક ચાલકની ઓળખાણ કરાવવા માટેના પ્રયાસો હાથ ધર્યા હતા અને તેની ડેડબોડીને સરકારી હોસ્પિટલ ખસેડી પીએમ અર્થે મોકલવાની તજવીજ હાથ ધરાઈ હતી અને ફરાર બોલેરો ચાલકનું પકડવાની તજવીજ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## સંજેલી તાલુકાની આંગણવાડીઓમાં સુખડી નાસ્તાના બિલોમાં કૌભાંડની ન્યાયિક તપાસની માંગ સાથે આવેદન

સંજેલી,
સંજેલી તાલુકાની ૧૩૭ આંગણવાડી કેન્દ્રોમાં ગરમ નાસ્તો અને સુખડીના બિલોમાં સંજેલી આઈસીડીએસના કર્મચારી તથા આંગણવાડી સંચાલિકાઓની મિલીભગતને લઈ સર્જાયેલ મોટુ નાણાંકિય કૌભાંડની ન્યાયિક તપાસ કરવા માટે તાલુકા આપના પ્રમુખ તથા કાર્યકરોએ ટી.ડી.ઓ.ને આવેદન આપ્યુ હતુ. જેમાં સંજેલી ખાતે આઈસીડીએસ શાખાના કર્મચારીઓએ કરેલા નાણાંકિય ભ્રષ્ટાચારની ન્યાયિક તપાસ કરવા તેમજ અધિકારીઓ સામે કાર્યવાહીની રજુઆત કરી છે. આ બાબતે અમે રાજયના મુખ્યમંત્રીને પણ લેખિત રજુઆત કરી છે.

## દાહોદ જીલ્લા માધ્યમિક શિક્ષક સંઘની ચુંટણીમાં પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી

દાહોદ,
દાહોદ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘની ચુંટણી ગતરોજ યોજાઈ હતી. જેમાં સતત ત્રીજી ટર્મમાં દેવગઢ બારીઆની એસ.આર.હાઈસ્કુલના શિક્ષક ગજેન્દ્ર ડી.પરમાર પ્રમુખ તરીકે બીન હરીફ ચુંટાઈ આવ્યા હતા.

દાહોદ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ,દાહોદ નવનિયુક્ત હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે સતત ત્રીજી વખત પ્રમુખ તરીકે પરમાર ગજેન્દ્ર ડી. બીન હરીફ ચુંટાઈ આવ્યા હતા. ત્યારે પ્રગતિ ગર્લ્સ હાઈસ્કુલ લીમખેડાના પટેલ સુરેશભાઈ એસ. મંત્રી તરીકે, ઉચ્ચતર માધ્યમિક શાળા ગરબાડાના શાહ પંકજભાઈ શાહ અને રાછરડા ઉચ્ચતર માધ્યમિકના ભાભોર પ્રકાશભાઈ એલ ઉપપ્રમુખ, નવજીવન ગર્લ્સ હાઈસ્કુલ,દાહોદના શિક્ષક પટેલ ડાહ્યાભાઈ એલ. સહમંત્રી તરીકે, સાર્વજનિક હાઈસ્કુલ, ઢઢેલાના શિક્ષક પટેલ ચંદુભાઈ પણ સહમંત્રી તરીકે, પુવાર હેમેન્દ્રકુમાર પણ સહમંત્રી તરીકે, સંગઠનના મંત્રી તરીકે હઠીલા નાનજીભાઈ એલ, પટેલ બિપિનભાઈ એસ અને વણકર વિનોદભાઈ એલ ચુંટાઈ આવ્યા હતા ત્યારે સંયોજક તરીકે રાઠોડ શૈલેષભાઈ પી., ખજાનચી તરીકે મુનીયા રામુભાઈ બી, રાજય પ્રતિનિધિ ઝાલાદ મહિપાલસિંહ જી. અને પરમાર દિપકભાઈ જી. જયારે મહિલા પ્રતિનિધિ તરીકે ડાૅ.હેતલબેન ખરાદી, સવિતાબેન એસ. અને ડામોર મીનાબેન એસ.ની નિયુક્તિ થઈ હતી.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




દાહોદ,
દાહોદમાં આજે વધુ ૦૯ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૭૫૦ને પાર થવા પામ્યો છે ત્યારે આજે વધુ ૦૬ દર્દીઓએ કોરોના સામે જંગ જીતતા એક્ટીવ કેસ ૭૪ ને પાર પહોંચ્યો છે. આર.ટી.પી.સી.આર. ના ૨૬૦ પૈકી ૦૮ અને રેપીટ ટેસ્ટના ૧૧૦૮ પૈકી એક એમ કુલ ૦૯ કોરોના કેસ આજે દાહોદમાં નોંધાયા છે. તે સાથે જ જિલ્લામાં કુલ કેસો ૧૭૫૦ને પાર પહોંચ્યા છે. આ ૦૯ પૈકી દાહોદમાંથી ૦૭ અને ઝાલોદમાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે અત્યાર સુધી કોરોનાથી દાહોદ જિલ્લામાં ૭૪ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

## દે.બારીઆના રૂવાબારી ગામે જમીન ખાલી કરવા જાતિઅપમાનિત કરી ગાળો આપતાં ફરિયાદ

દાહોદ,
દેવગઢ બારીઆ તાલુકાના રૂવાબારી ગામે એક વ્યક્તિને જાતિ અપમાનીત શબ્દો બોલી, જમીન ખાલી કરવા કહી તેમજ ગામમાં રહેવા નહીં દેવાની ધાકધમકી આપી ભારે ધિંગાણુ મચાવતા આ સંદર્ભે યુવકે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકાના રૂવાબારી ગામે પટેલ ફળિયામાં રહેતા દિલીપભાઈ તેરસીંગભાઈ પટેલ, તેરસીંગભાઈ માસુખભાઈ પટેલ, લેમજીભાઈ માસુખભાઈ પટેલ તથાદામાભાઈ માસુખભાઈ પટેલનાઓએ ગત તા.૧૪મી ઓકટોબરના રોજ પોતાના જ ફળિયામાં રહેતા રયજીભાઈ માધુભાઈ હરીજનના ઘરે આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અહીંથી તમારી જમીન ખાલી કરીને જતા રહો, નહીં તો તમો બધાને મારી નાંખીશું, તેમ કહી જાતિ અપમાનિત શબ્દો બોલી, મારી નાંખવાની ધમકી આપી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને રયજીભાઈ હરીજનને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી હતી. આ સંદર્ભે રયજીભાઈ માધુભાઈ હરીજને દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઝાલોદ પાલિકા કાઉન્સિલરના હત્યાના મામલે કેટલાંક કાઉન્સિલરો તેમજ મૃતકના પરિવારના નિવેદનો લેવાયા

ઝાલોદ,
ઝાલોદ નગરપાલિકા ના ભાજપાના કાઉન્સિલરની હત્યાની તલસ્પર્શી તપાસ ચાલી રહી છે ત્યારે તપાસ અધિકારીએ મંગળવારે પાલિકાના કેટલાંક કાઉન્સિલરોને અને મૃતકના સ્વજનોના નિવેદનો લીધા હતા. વધુ કાઉન્સિલરોના જવાબ પણ લેવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે.

ઝાલોદ નગરપાલિકા ના ભાજપાના કાઉન્સિલર અને પાલિકાના માજી ઉપપ્રમુખ હિરેન પટેલની જીપની ટકકર મારી હત્યાની ઘટનામાં ગોધરાકાંડમાં સજા પામેલ ઈરફાન પાડા, ઝાલોદનો બુટલેગર અજય કલાક, મદય પ્રદેશનો મહોંમદ મુંજાવર અને કરણ ચૌહાણની ધરપકડ કરી તેમના રિમાન્ડ ચાલી રહ્યા છે. મદયપ્રદેશનો ઈરફાન ચિસ્તી નામનો યુવક પણ વોન્ટેડ છે ત્યારે હવે તપાસ હેડકવાર્ટર ડીવાયએસપી કરી રહ્યા છે. આ તપાસ અધિકારીએ મંગળવારે ઝાલોદ પોલીસ મથકમાં ઝાલોદ પાલિકાના કેટલાંક કાઉન્સિલરોના નિવેદનો પણ લીધા હતા. અને તેની સાથે મૃતક હિરેન પટેલના કેટલાંક સ્વજનોના નિવેદનો પણ લીધા હોવાનુ જાણવા મળ્યુ છે. આમ હિરેન પટેલની હત્યા ખરેખર જ પાલિકાના રાજકારણને કારણે થઈ છે કે કેમ ? તે દિશામાં તપાસ ચાલી રહી હોવાનુ જણાઈ રહ્યુ છે.

## ઝાલોદના મુવાડી ચોકડી પાસેથી ફોર વ્હીલ કારમાં લઈ જવાતો ૭૮ હજારના દારૂ સાથે બે વ્યકિતની ધરપકડ

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના મુવાડી ચોકડી ખાતે પોલીસને મળેલ બાતમીના આધારે વોચ ગોઠવી ઉભી હતી તે સમયે બાતમીમાં દર્શાવેલ એક વૈભવી ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે ચારેય તરફથી આ ગાડીને કોર્ડન કરી ઝડપી પાડતાં ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૭૮,૬૬૦ના પ્રોહી જથ્થા સાથે ગાડી તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨,૩૮,૬૬૦ નો મુદ્દામાલ ઝડપી પાડી અમદાવાદના બે વ્યક્તિઓની પોલીસે અટક કર્યાનું જાણવા મળે છે.

પાવાપુરી સોસાયટી ઘાટલોડીયા, અમદાવાદ ખાતે રહેતા કરણસિંહ રમેશભાઈ રાજપુત અને રૂચીત પિમીશભાઈ સુપૈયા આ બંન્ને જણા ગત તા.૨૦મી ઓક્ટોબરના રોજ પોતાના કબજાની વૈભવી ફોર વ્હીલર ગાડીમાં વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૬૮૪ જેની કુલ કિંમત રૂા.૭૮,૬૬૦ લઈ ઝાલોદ તાલુકાના મુવાડી ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમ્યાન મુવાડી ચોકડી પર વોચ ગોઠવી ઉભેલ પોલીસે આ ગાડી આવતા વેંત કોર્ડન કરી ઘેરી લઈ ગાડી ઉભી રખાવતા ગાડીની તલાસી લેતા ઉપરોક્ત વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો અને પોલીસે મોબાઈલ ફોન, ફોર વ્હીલર ગાડી મળી કુલ રૂા.૨,૩૮,૬૬૦ નો મુદ્દામાલ કબજે લઈ ઉપરોકત બંન્ને વ્યકિતઓ વિરૂધ્ધ ઝાલોદ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ફતેપુરાના પાટડિયા ગામે કુપન દ્વારા સસ્તા અનાજનો જથ્થો મળતા પ્રજામાં આનંદ

ફતેપુરા,
ફતેપુરા તાલુકાના પાટડિયા ગામે છેલ્લા બે મહિનાથી સસ્તા અનાજની દુકાનના સંચાલક દ્વારા અનાજનો પુરવઠો આપવામાં નહિ આવતા ગ્રામજનો દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયુ હતુ. આ બાબત અંગેના અહેવાલો પ્રસિદ્ધ થતા પુરવઠા મામલતદારે મુલાકાત લઈ સરપંચની રજુઆતને પગલે અનાજ પુરવઠાની કુપન સાથે દર્શાવેલ અનાજ પુરવઠો આપવાની શરૂઆત કરાવી હતી. કુપન મળવાથી પહેલા કરતા વધુ જથ્થો મળતા પ્રજામાં આનંદ છવાયો હતો.

ફતેપુરા તાલુકાના પાટડિયા ગામે છેલ્લા બે મહિનાથી પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારના સંચાલક દ્વારા અનાજનો જથ્થો આપવામાં આવ્યો નહિ હોવાનુ તેમજ પ્રધાનમંત્રી યોજના અંતર્ગત અપાતા મફત અનાજમાં પણ બે મહિનાનુ અનાજ બારોબાર ચાઉં કરી દેવાયો હોવાના આક્ષેપ સાથે ફતેપુરા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. જે બાબત અંગેના અહેવાલો પ્રસિદ્ધ થતાં પુરવઠા મામલતદાર એ સ્થળ તપાસ કરી અને રેશનકાર્ડ ધારકોના જવાબો લીધા હતા. જેમાં સરપંચ જાલુભાઈ સંગાડાએ ધારદાર રજુઆતો કરી હતી કે, સરકાર દ્વારા આપવામાં આવતા જથ્થાની વિગતો સાથેની કુપન આપવામાં આવે તો જ અમો જથ્થો લઈશુ જેથી સંચાલક દ્વારા કુપન સાથે જથ્થો અપાયો હતો.

## દે.બારીઆ તાલુકામાં ખેતી નિષ્ફળ જતાં સરકાર દ્વારા સહાય અપાય તેવી માંગ

દે.બારીઆ,
દે.બારીઆ તાલુકા ગામડામાં વસતા ખેડુતો મોટાભાગે વરસાદી ખેતી આધારિત ખેતી કરી પોતાના પરિવારના બાર મહિનાના માંડ રોટલા કાઢતા હોય છે. દે.બારીઆ તાલુકાના ગામડામાં કોઈ ઔદ્યોગિક એકમ નહિ હોવાથી અહિંયાના ઘણા ખેડુતો ખેતીવાડી કરી બહારગામ મોટા શહેરો તરફ મજુરી કરવા જતા હોય છે.હોળીના તહેવાર પછી કોરોના વાયરસની મહામારીમાં લોકડાઉન આવતા લગભગ આખો ઉનાળો લોકો કામ ધંધા વગર ઘરે બેસી રહ્યા અને ત્યાં ચોમાસાનુ આગમન થયુ. ચોમાસુમાં ખેડુતોએ આર્થિક મંદીમાં મોંઘાભાવના બિયારણો, ખોળ-ખાતર લાવી ખેતી પાકોની વાવણી પણ કરી દીધી. જેમાં વરસાદ હાથતાળી આપતા ક્યાંક ક્યાંક બે વખત વાવેતર કરાયુ. અને પછી વરસાદ અવિરત વરસતા ખેતીવાડીમાં મકાઈ, તુવેર, મગફળી, કપાસ, સોયાબીન, અડદ, ડાંગર જેવા પાકોમાં કોઈ ઉતારો ખેડુતોને જોવા મળ્યો નથી. પીપલોદ, મોટીઝરી, અસાયડી, અંતેલા, પંચેલા, ગુણા, સાલિયા, વાડોદર, ભથવાડા, સાગટાળા, દુધિયા, મંગોઇ, મોટીખજુરી, પંથકના ગામડામાં ખેડુતો પોતાના નિષ્ફળ ગયેલા પાકો માટે સરકાર દ્વારા કોઈ સહાય મળે તે માટે માંગ કરી રહ્યા છે. સરકાર દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવા માંગ ઉઠી છે.

## દે.બારીઆ સમડી સર્કલના પાસે મેનપાઈપ લાઈનમાંથી પાણી લીકેજ હજારો ગેલન પીવાનું પાણી વેડફાતા કોણ રોકશે તે સવાલ છે

દે.બારીઆ,
દે.બારીઆ નગરપાલિકાની હદમાં સમડી સર્કલના ચાર રસ્તા પાસે પીવાની મેન પાઈપ લાઈન પસાર થાય છે. તે પીવાના પાણીની મેન પાઈપ મેટલની હોય છે. તેને રીપેરીંગ માટે બહારના કારીગરો બોલાવાના હોય છે. છેલ્લા છ સાત માસથી આ મેન પાઈપ માંથી હજારો લીટર કિંમતી અમૃત જેવું પાણી નિષ્ક્રિયતાના કારણે વહી જાય છે. આ પાણી હાલમા વેડફાતું રોકવામાં આવે તો જૂન-જુલાઈ માસમાં આ પાણી સોના સમાન લાગશે. આજે તેની કદર નથી જળ એજ જીવન છે. આપણા ગુજરાત રાજ્યમાં ખેતી માટે પણ ટપક પદ્ધતિનો અમલ કરવામાં આવે કારણ ખેતીમાં વપરાતા પાણીનું પણ બગાડ ના થાય અહીંયા તો પીવાના પાણીનો


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

ખુદ પાણી પુરવઠાના કર્મીઓની બેદરકારીના પ્રતાપે પાણી વેડફાય છે. તેની રોકથામ માટે રીપેરીંગ કાર્ય હાથ ધરાશે. ખરૂ આમ જતા ઈચ્છી રહી છે. અઢી વર્ષ માટે નવા પ્રમુખ-ઉપપ્રમુખ આ અંગે શહેરના વિકાસ થાય તેવા સંવેદનશીલતા સાથે નિર્ણયો લઈ એક્સનમાં આવશે તે એક પ્રશ્ન છે.

# મ.પ્રદેશમાં ભાજપ સરકારના બે મંત્રીઓના રાજીનામા

ભોપાલ,
મધ્યપ્રદેશ વિધાનસભાની ૨૮ બેઠકો માટે પેટાચૂંટણીમાં નેશનલ પાર્ટીઓની સાથે-સાથે કેટલીક સ્થાનિક પક્ષ અને અપક્ષ ઉમેદવાર પણ ચૂંટણી મેદાનમાં પોતાનું નસીબ અજમાવી રહ્યાં છે. એવામાં મધ્યપ્રદેશમાંથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે.

અહીં ધારાસભ્ય બન્યા પછી ૬ મહિના થવા પર મધ્ય પ્રદેશના બે મંત્રી તુલસી સિલાવટ અને ગોવિંદ રાજપૂતે મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. જેને મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે સ્વીકારી રાજભવન મોકલી દીધું છે. ઉલ્લેખનીય છે કે આ બંને નેતા જ્યોતિરાદિત્ય સિંધિની સાથે કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થયા હતા. આ સાથે જ આ વખતે પેટાચૂંટણી પણ લડી રહ્યાં છે.

ખરેખર તો બંધારણીય જોગવાઈ છે કે કોઈપણ મંત્રી વિધાનસભાનો સભ્ય બન્યા વગર ૬ મહીનાથી વધારે સમય સુધી મંત્રીપદ પર રહી શકતો નથી. એવામાં આ પ્રક્રિયાના કારણે બંને નેતાઓએ પોતાના રાજીનામાં આપવા પડ્યાં.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 53

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કોરોના કાળમાં મંદીનો માર

# શાકભાજીના ભાવમાં વધારો થતા લોકોની મુશ્કેલીઓ વધી

ગોધરા,

રાજયમાં શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે. રોજિંદા વપરાશમાં આવતા ડુંગળી બટેટાના ભાવો આસમાને પહોંચ્યા છે. ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવ પ્રતિ કિલો ૭૦ રૂપિયા થયા છે અને બટેટાનો ભાવ પ્રતિ કીલો ૫૦ પર પહોંચ્યો છે. સામાન્ય લોકોને હાલ ઘર ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે ત્યારે શાકભાજીના ભાવોમાં ઉછાળો આવતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. દેશભરમાં ચાલી રહેલી કોરોના



મહામારીના કારણે લોકોના ધંધા રોજગાર પર માઠી અસર પડી છે, અનેક લોકોએ પોતાની રોજગારી ગુમાવી છે તો વેપારીઓના ધંધા રોજગાર પણ હાલ મંદ ગતિએ ચાલી રહ્યાં છે. તો બીજી બાજુ શાકભાજીના ભાવો પણ આસમાને પહોંચતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળી હાલ ગરીબોને ખાવી મોંઘી પડી રહી છે.

કારણ છે ડુંગળીના ભાવમાં થયેલા તોતિંગ વધારો, ચોમાસામાં દરમિયાન અતિભારે વરસાદ થતાં ખેડૂતોના ખેતરમાં ઊભેલી ડુંગળીનો પાક ધોવાઈ ગયો હતો. જેના કારણે ડુંગળીની આવક ઘટતા ડુંગળીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. શાકમાર્કેટમાં ડુંગળી હાલ ૭૦ રૂપિયે પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. તો બીજી બાજુ રોજિંદા વપરાશમાં લોકો જેનો સૌથી વધુ ઉપયોગ કરે છે એવા બટાટાના ભાવમાં પણ વધારો નોંધાયો છે. બટાકાના ભાવ પ્રતિ કિલો ૫૦ રૂપિયા પર પહોંચ્યા છે. ત્યારે ઘરનું બજેટ ખોરવાતા શાકભાજીના ભાવ ને નિયંત્રણમાં લાવવા ગૃહિણીઓની માંગ છે. સામાન્ય રીતે બટાટાનો વેપારીઓ દ્વારા કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવામાં આવતો હોય છે. પરંતુ દેશભરમાં કોરોના મહામારીના કારણે અપાયેલા લોકડાઉનના કારણે તમામ ધંધા-રોજગાર અને માર્કેટ બંધ હોવાથી વેપારીઓ દ્વારા બટેટાનો સ્ટોક કરી શકાયો નહોતો. જેના કારણે હજારો ટન બટેટા ખરાબ થઈ જવાથી ખેડૂતોને બટેટા ફેંકી દેવાનો વારો આવ્યો હતો.

જેથી હાલ શાકમાર્કેટમાં બટેટાની આવક ઘટવાના કારણે બટાટાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. તો બીજી બાજુ અતિભારે વરસાદને કારણે ખેતરોમાં ઊભેલો ખેડૂતોનો ડુંગળીનો પાક ખરાબ થઈ જવાના કારણે ડુંગળીના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. શાકમાર્કેટમાં બટાકાના ભાવ ૧૫ થી ૨૦ રૂપિયા પ્રતિ કિલો જ્યારે ડુંગળીના ભાવ ૧૦ થી ૧૫ રૂપિયા પ્રતિ કિલો જોવા મળતા હોય છે. પરંતુ હાલ બંને શાકભાજીની આવક ઘટવાના કારણે ભાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. એકબાજુ ધંધા-રોજગાર ધીમા ચાલવાને કારણે લોકોની આવકમાં ઘટાડો જોવા મળ્યો છે તો બીજી બાજુ શાકભાજી સહિતના ભાવમાં વધારો થતાં આવક ની સીધી અસર લોકોના રસોડા પર પડી છે. ડુંગળી ૬૦-૭૦, બટેટા ૪૫-૫૦, રીંગણા ૩૦-૪૦, ફ્લાવર ૮૦-૧૦૦, મરચા ૫૦-૬૦, ગુવાર ૯૦-૧૦૦, કારેલા ૪૦-૫૦, ટામેટા ૪૫-૫૦, કાકડી ૫૦-૬૦, દુધી ૩૦-૪૦, કોબી ૭૦-૮૦.

# પંચમહાલ જિલ્લામાં શિક્ષકો દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

ગોધરા,

જિલ્લામાં કોવિડ કટોકટી દરમિયાન રક્તનો આવશ્યક જથ્થો જળવાઈ રહે તે માટે રેડક્રોસ સોસાયટી ગોધરાના સહયોગથી યોજાયેલ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૧૩થી વધુ શિક્ષકોએ રક્તદાન કર્યુ હતું. જિલ્લા કલેક્ટર અમિત અરોરા અને જિલ્લા વિકાસ અધિકારી એ.જે.શાહના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં જય જલારામ શાળા, ગોધરા, અંબાલી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

**- કુલ ૩૧૩થી વધુ યુનિટ રક્ત એકત્રિત કરાયું.**
**- ૮૦ બહેનોએ રક્તદાન કર્યું.**
**- જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના નેતૃત્વમાં કોવિડ અંગે જાગૃતિ શપથ લેવાયા.**

છાત્રાલય અને કાંકણપુર હાઈસ્કૂલ એમ કુલ ત્રણ સ્થળોએ યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ભાગ લેનાર શિક્ષકો અને સાથીઓ દ્વારા કોવિડ સામેના બચાવના પગલાઓ અંગે જાગરૂકતા ફેલાવવાના શપથ પણ લીધા હતા. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ જિલ્લા વિકાસ અધિકારી એ.જે.શાહ સાથે જય જલારામ શાળા, ગોધરા ખાતે યોજાયેલ રક્તદાન કેમ્પની મુલાકાત લઈ શિક્ષકોને ઉમદા પહેલ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્સાહવર્ધન કર્યુ હતું. જિલ્લા કલેક્ટરએ કોરોના શપથ લેવડાવતા જણાવ્યું હતું કે કોવિડ–૧૯ની રસી ન શોધાય ત્યાં સુધી માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના બચાવના પગલાઓ જ આપણું રક્ષા કવચ હોવાથી તેનું ચુસ્ત પાલન કરવું અતિ આવશ્યક છે. સમાજના વિવિધ સ્તરોમાં આ અંગેનો સંદેશ અસરકારક રીતે મોકલવામાં શિક્ષકોની ભૂમિકા ચાવીરૂપ બની શકે તેમ જણાવતા તેમને આ દિશામાં વધુ સક્રિય થવા અપીલ કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ અંબાલી અને કાંકણપુર ખાતેના રક્તદાન કેન્દ્રોની મુલાકાત દરમિયાન જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોમાં સામૂહિક પ્રયાસોના પરિણામે રક્તદાનના વધેલા પ્રમાણ વિશે વાત કરતા તેમાં શિક્ષકોના પ્રદાનને વખાણ્યું હતું. માસ્ક, સોશિયલ ડિસ્ટન્સિંગ સહિતના પગલાઓના કડક પાલન પર ભાર મૂકતા શાહે જણાવ્યું હતું કે કોરોના સામેની લડાઈ હજી બાકી છે ત્યારે આ લડાઈ કોવિડ–૧૯ સામેના બચાવના પગલાઓનું સામૂહિક રીતે કડક પાલન કરવાથી જ જીતી શકાશે. તેમણે જિલ્લાવાસીઓને રક્તદાનના મહાયજ્ઞમાં પ્રદાન આપી અવિરતપણે ચાલુ રાખવા અપીલ કરી હતી. બપોર સુધીમાં જય જલારામ શાળા ખાતે ૧૦૮ યુનિટ, અંબાલી ખાતે ૧૦૧ યુનિટ અને કાંકણપુર ખાતે ૧૦૪ યુનિટ રક્ત મેળવાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રક્તદાન કરનારા દાતાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. સુરેન્દ્ર જૈન, જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ, રેડક્રોસ સોસાયટીના વાઈસ ચેરમેન કે.ટી.પરીખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા ફોરેસ્ટ કચેરી નજીકની વન અધિકારીએ ગેરકાયદેસર પથ્થર ભરેલ ટ્રક ઝડપી પાડી

શહેરા,

શહેરા ફોરેસ્ટ કચેરીના બહાર થી આર એફ ઓ એ ગેરકાયદેસર પથ્થર ભરીને જતી ટ્રક ઝડપી પાડી હતી. સફેદ પથ્થર શેખપૂર વિસ્તાર માથી ભરેલ હોવાનુ વન વિભાગ પાસેથી જાણવા મળેલ છે.વન વિભાગે ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને કાર્ય કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.





તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ અમુક જમીનોમાથી સફેદ ચમકતા પથ્થરો ને ખનીજ વિભાગની મંજૂરી વગર કાઢીને ટ્રકો મારફતે ગેરકાયદેસર રીતે હેરાફેરી થતી હતી. જ્યારે આ બાબતની માહિતી નવીન આવેલ આર.એફ.ઓ રોહિત ભાઈ પટેલ ને થઈ હતી. આર.એફ.ઓ રોહિત પટેલ અને તેમની સાથે બીટ ગાડ એન.જી.સોલંકી સહિતનો સ્ટાફ કચેરીની બહાર હાઈવે માર્ગ ઉપર ઉભો ત્યારે સફેદ પથ્થર ભરીને આવતી ટ્રક નંબર GJ 2 X 221 આવી રહી હતી. તેને ઉભી રખાવી ને ચાલક પાસે ખનીજ વહન કરવા માટેના જરૂરી કાગળો માંગતા મળી ના આવ્યા હતા. જેથી નવીન ચાર્જ સંભાળેલ આર.એફ.ઓ રોહિત પટેલ દ્વારા નિયમોનુસાર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સાથે વનવિભાગની ની પૂછપરછમાં ચાલકે શેખપુર વિસ્તારમાંથી સફેદ પથ્થર ભરેલ હોવાનું જાણવા મળ્યુ હતું. તાલુકા પંથકના ખનીજ માફિયાઓ મોટા પ્રમાણમાં ખનીજ ચોરી કરીને સરકારની તિજોરીને નુકસાન પહોંચાડી રહયા છે. ત્યારે સ્થાનિક વનવિભાગ તંત્ર એકમાત્ર ગાડી પકડી ને સંતોષ માનશે કે પછી જંગલ વિસ્તારમાં ખનીજ ચોરી અટકાવવા માટે અસરકારક કાર્યવાહી હાથ ધરશે ખરી ? હાલ તો નવીન આવેલ આર.એફ.ઓ રોહિત પટેલ ગેરકાયદેસર સફેદ પથ્થર ભરીને જતી ટ્રકને પકડી પાડતા ખનીજ ચોરોમાં અંદર ખાનગી ફફડાટ ફેલાયો છે.

## ગોધરામાં સહજાનંદ સોસાયટીમાં ગટર લાઈનના ઉભરાતા પાણીથી રહીશો હેરાન-પરેશાન



ગોધરા,

ગોધરામાં અંકલેશ્વર મહાદેવ રોડ ઉપર આવેલ સહજાનંદ સોસાયટીમાં સ્વામિનારાયણ મંદિર પાસે આવેલ ૧ થી ૮૧ મકાન પાસેથી આવેલ ગટરની પાઈપ લાઈનમાંથી ઉભરાય છે. જેની લઈ રહીશોએ ૧૭/૦૮/૨૦૨૦ ના રોજ નગરપાલિકામાં લેખિતમાં રજૂઆત કરી છે. નગરપાલિકાને લેખિતમાં રજૂઆત કરવા છતાં બે માસ થયા ઉપરાંત પણ નગરપાલિકા તંત્ર દ્વારા કોઈપણ જાતની કામગીરી કરવામાં આવી નથી. જેની લઈ સોસાયટીના રહીશોમાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. હાલ સોસાયટીમાં ભરાઈ રહેલ પાણીને લઈ ડેન્ગ્યુ અને મેલેરીયા જેવા રોગો થવાનો ભય લોકોમાં ઉભો થયો છે.

## શહેરા તાલુકાના પોયડા ગામની સગીરા ઉપર ગામના ઈસમે દુષ્કર્મ આચરતા પોલીસ મથકે ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના પોયડા ગામની સગીરાને પોતાના ઘરની બાજુના આંગણમાં ઊભી હતી. ત્યારે આરોપી ઈસમ સગીરાનું મોઢું દબાવી દઈ ઓઢણીથી મોઢું બાંધી દઈને તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચારતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પોલીસે દુષ્કર્મની ફરિયાદના આધારે આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના પોયડા ગામની સીગરા યુવતિ પોતાના ઘરની બાજુના આંગણામાં ઊભી હતી. સગીરા એકલી ઊભી હોય તે તકનો લાભ લઈને ગામમાં રહેતા આરોપી જયરાજ વિક્રમસિંહ પરમાર એ સગીરાનો હાથ પકડી પોતાના ઘરમાં ખેંચી લઈ ગયો હતો. સગીરા બુમ ન પાડે તેથી આરોપીએ મોઢું હાથ થી દબાવી મોઢા ઉપર ઓઢણી બાંધી રાખી સગીરાને ઘરમાં પુરી રાખી હતી અને સગીરાની મરજી વિરૂદ્ધ તેની સાથે દુષ્કર્મ આચરીને ગુનો કર્યો હતો. શહેરા તાલુકાના ખોબલા જેવા ગામમાં સગીરા સાથે દુષ્કર્મની ઘટનાથી લોકોએ આરોપી વિરૂદ્ધ ફિટકાર વરસાવી હતી. આ બનાવ અંગે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે દુષ્કર્મના આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## મોરવા(હ)ની રામપુર(ક) ગામના ૪૪ વર્ષીય યુવાને બિમારથી કંટાળી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરવા(હ),

મોરવા(હ)ના રામપુરા (ક) ગામે રહેતા ૪૪ વર્ષીય યુવાને બિમારીથી કંટાળી જઈ પાનમ નદીના કિનારે ઝાડની ડાળે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના રામપુરા(ક) ગામે સોની ફળીયામાં રહેતા બાધરસિંહ જેસીંગભાઈ બારીયા ઉ.વ.૪૪ લાંબા સમયથી કેન્સરના દર્દથી પિડાતા હોય જેને લઈ મનમાં લાગી આવતાં પાનમ નદીના કિનારે બાવળના ઝાડ સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી જીવન ટુંકાવી લેતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના આંબલીયારા આપેશ્વર મંદિર પાસેથી ગાડીમાં લઈ જતા ૨૭ હજારના દારૂ સાથે બુટલેગરને ઝડપ્યો





તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

પંચમહાલ એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, ઘોઘંબાના રાણીપુરા ગામના ઈસમ ફોર્ડ ફિયાગો ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી લાવી આંબલીયારા આપેશ્વર મંદિર બાજુ જવાનો છે. તેવી બાતમીના આધારે ગેંગડીયાથી મલાવ જવાના રસ્તા ઉપર પોલીસે વોચ ગોઠવી બાતમીવાળી ગાડીને ઝડપી પાડી તેમાંથી ઈંગ્લીશ દારૂ બિયર મળી ૨૭,૭૨૦/–રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે પંચમહાલ એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, ઘોઘંબાના રાણીપુરા ગામે રહેતા ભુપેન્દ્રભાઈ જશવંતભાઈ બારીયા ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી તેની ફોર્ડ ફિયાગો ગાડી નં.જીજે.૨૩.એએફ.૯૮૬૦માં ભરીને આંબલીયારા આપેશ્વર મંદિર તરફ જવાનો છે અને તેની આગળ બાઈક નંબર જીજે.૧૭.બીજે.૮૦૫૨ ના ચાલક પાયલોટીંગમાં છે. તેવી ચોકકસ બાતમીના આધારે પોલીસે ગેંગડીયા મલાવ રોડ ઉપર વોચ ગોઠવી હતી. પોલીસ વોચમાં હોય દરમ્યન બાતમીવાળી બાઈકને પોલીસે રોકવા જતાં ઈસમ બાઈક છોડી નાશી છુટીયો હતો. તેની પાછળ આવતી ગાડીને રોકવા આડશો રાખેલ હતી. તેને લઈ ગાડીના ચાલક મંદિરની બાજુમાં જંગલમાં ભાગેલ હતા અને ગાડી છોડી નાશવા લાગતાં પોલીસે પીછો કરી ચાલક ભુપેન્દ્ર જશવંતભાઈ બારીયાને ઝડપી પાડયો હતો. પોલીસે પકડાયેલ ગાડીનું ચેકીંગ કરતાં ગાડીમાંથી ઈંગ્લીશ દારૂ તથા બિયરની બોટલો મળી કુલ ૩૧૨ નંગ કિંમત ૨૭,૭૨૦/–રૂપીયાનો જથ્થો તેમજ ફોર્ડ ફિયાગો ગાડી કિંમત ૧,૫૦,૦૦૦/–તથા બાઈક ૨૫,૦૦૦/–રૂપીયા મળી કુલ ૨,૦૨,૭૨૦/–રૂપીયાનો જથ્થો ઝડપી પાડયો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૦૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૬૭૨ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૯ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરામાં–૦૧, હાલોલ–૦૫, કાલોલ–૦૩ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ

**- ૧૫ દર્દી સાજા થતાં રજા અપાઈ.**
**- એકટીવ કેસ ૧૩૩.**
**- મૃત્યુ આંક ૧૧૬.**

દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે. નવા ૦૯ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૬૭૨ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૯ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે.

# મુસ્લિમ સમાજનું ગૌરવ



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરાના પોલન બજાર કેસરી સર્કલ ખાતે મુસ્લિમ સમાજના હોશિયાર વિદ્યાર્થી કાસીમ મહોંમદ ઈસ્હાક ગોરાને ગુજરાત યુનિવર્સિટીમાં M.Sc.ના ચોથા સેમીસ્ટરમાં ગણિત વિષયમાં ૪૨૦ માંથી ૪૧૮ માર્કર્સ મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોધરા મુસ્લિમ સમાજ સહિત ગોધરા શહેરનું નામ રોશન કરવા બદલ ગોધરા મુસ્લિમ સમાજના સેવાભાવી આગેવાન અને કેસરી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફારૂકભાઈ કેસરી સાથે ગોધરા પંચમહાલના સામાજિક કાર્યકર્તા કૈલાસભાઈ કારીઆ દ્વારા કાસીમભાઈ ગોરાનું ગુલાબના બુકેથી સ્વાગત કરી ઉત્તરોતર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.

પંચમહાલ સમાચારની ટીમ વતી પણ મુસ્લિમ સમાજના આ હોશિયાર વિદ્યાર્થીને ખૂબ ખૂબ અભિનંદન.

## પરવડી પાસે થયેલ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બાઈક ચાલકની વ્હારે જીલ્લા કલેકટર આવ્યા : પોતાની કારમાં ઈજાગ્રસ્તને સિવિલમાં પહોંચાડયો



ગોધરા,

ગોધરાના પરવડી નજીક ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય તે દરમ્યાન પંચમહાલ જીલ્લા કલેકટર પસાર થઈ રહ્યા હતા. કલેકટર એ બાઈક ચાલક ઈજાગ્રસ્તની વ્હારે આવ્યા હતા અને ઈજાગ્રસ્તને પોતાની કારમાં બેસાડી સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લા કલેકટર અમિત અરોરા સામાન્ય વ્યકિતની મદદ માટે કોઈ અન્ય વાહનોની કે અન્ય સંસ્થાઓની મદદ લેવાની જગ્યાએ પોતે મદદે આવતાં હોય છે. ગોધરાની પરવડી નજીક ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં હતો. તે દરમ્યાન રોડ ઉપરથી જીલ્લા કલેકટરની ગાડી પસાર થઈ રહી હતી. અકસ્માતમાં બાઈક ચાલક ઈજાગ્રસ્ત હોય તે જોંતા જીલ્લા કલેકટર ઈજાગ્રસ્તની વ્હારે આવ્યા હતા.